# પેથાપુર શ્રીનાથ સોસાયટીમાં ચાલતા જુગારધામ પર દરોડો

## પેથાપુર પોલીસે રોકડ ૫૭ હજાર સહીત રૂ. ૧૭ લાખના મુદ્દામાલ સાથે ૧૦ની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૩૧

પેથાપુરમાં સ્થિત શ્રીનાથ સોસાયટીમાં જુગારધામ ચાલી રહ્યુ હોવાની ચોક્કસ બાતમીને આધારે ગઈકાલે પેથાપુર પોલીસે દરોડો પાડી ૧૦ જુગારીઓના ઝડપી પાડ્યા હતા. રોકડ રૂ. ૫૭ હજાર તથા મોબાઈલો અને વાહનો મળી કુલ રૂ. ૧૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને પેથાપુર પોલીસે તમામ ૧૦ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પેથાપુર સિનિ. પીએસઆઈ ડી.બી. વાળાને બાતમી મળી હતી કે પેથાપુર ટાઉનના સ્થિત શ્રીનાથ સોસાયટીના મકાન નં. ૩/એ ખાતે રહેતો વિક્રમ શિવસિંહ રાઠોડ જુગારધામ ખોલીને બેઠો છે અને તે મકાનમાં જુગાર રમાડી રહ્યો છે. જેને આધારે એએસપી પાસેથી તે સ્થળે રેડ પાડવાનું વોરંટ મેળવી ડી.બી. વાળા તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા. અને દરોડો પાડીને દસ જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. દરોડો પાડીને પોલીસે વિક્રમ શિવસિંહ રાઠોડ, સે. ૭-બી પ્લોટ નં. ૬૦૮/૧ ખાતે રહેતા મિતેષ દિનેશ પરીખ, સે. ૩-ડી પ્લોટ નં. ૧૧૩૪/૨માં રહેતો દિનેશ નરસિંહ પટેલ, સે. ૨૭ ગાયત્રી સોસાયટીમાં રહેતો પ્રકાશ કૃષ્ણકાંતભાઈ રામી, સે. ૨-બી પ્લોટ નં. ૩૬૭/૨ માં રહેતો જીગ્નેશ દેવાભાઈ મકવાણા, પેથાપુર સિદ્ધિવિનાયક બંગ્લોઝ નં. ૨૯માં રહેતા દેવેન્દ્ર દીપુસિંહ રાઠોડ, વાવોલ સિદ્ધાર્થ ફ્લેટ મકાન નં. ડી-૧૦૬ ખાતે રહેતો સત્યમ પ્રવિણચંદ્ર સોની, સે. ૨૯ વશીષ્ઠ એપાર્ટમેન્ટમાં રહેતો કમલેશ નરસિંહ પટેલ, પાલજ પંચાયતની પાછળ રહેતો જયદીપ અમરસિંહ બિહોલા અને કલોલ જાસપુર ગામે રહેતો વિષ્ણુ હિરાભાઈ પટેલ મળીને દસ શકુનીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. દાવ પરથી રૂ. ૧૭,૪૭૦ રોકડા તથા અંગ જડતીમાંથી રૂ. ૫૭ હજાર રોકડા અને રૂ. ૧૫.૯૦ લાખની કિંમતના ૮ વાહનો ઉપરાંત ૪૦ હજારના ૧૨ નંગ મોબાઈલ મળી કુલ રૂ. ૧૭,૦૪,૪૭૦ની કિંમતનો મુદ્દામાલ પેથાપુર પોલીસે જપ્ત કરીને તપાસ શરૂ કરી છે.

## ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૩.૫ ડિગ્રી પર પહોંચ્યો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો આજે ૪૩.૫ ડિગ્રીએ પહોંચતા જ નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

ગરમીનો પારો ચડતાં જ ઉકળાટમાં પણ ભારે વધારો થવા પામ્યો છે. સવારથી જ લોકો પંખા ચાલુ કરી રાહત મેળવતા જોવા મળ્યા હતા.

ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો વધતાં જ રવિવારની રજા હોવા છતાં લોકો ઘરમાં જ પુરાઈ રહ્યા હતા અને બપોરના સમયે તો નગરના માર્ગો પર સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. આગામી ૪૮ કલાક ગરમીનું મોજુ યથાવત્ રહેશે તેવા નિર્દેશો હવામાન ખાતાના સૂત્રો આપી રહ્યા છે.

# બે માસુમ બાળકો સાથે માતાનો કેનાલમાં આપઘાત

## લીંબડીયા કેનાલમાંથી સવારે ત્રણેયનાં તરતા મૃતદેહ મળી આવતા સન્નાટો : મૃતકોની ઓળખ થઈ શકી નથી : ડભોડા પલીસ ઓળખ માટે દોડતી થઈ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક લીંબડીયા નર્મદા કેનાલમાંથી આજે સવારના અરસામાં બે માસુમ બાળકો સહીત ત્રણના તણાતા મૃતદેહો મળી આવતા ચકચાર મચી જવા પામી છે. બે સંતાનો સાથે કેનાલમાં ઝંપલાવીને માતાએ કોઈ કારણોસર આપઘાત કરી લીધો હોવાની શંકા પ્રબળ બની છે. જો કે મોડી સાંજ સુધી ત્રણેય મૃતકોની ઓળખ થઈ શકી ન હતી, ડભોડા પોલીસે મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતકોની ઓળખવિધિ માટે ચક્રો ગતિમાન કર્યા છે. આસપાસના વિસ્તાર તથા અન્ય જિલ્લાના પોલીસ કંટ્રોલને પણ ડભોડા પોલીસે મેસેજ પાસ કરીને ઘટનાની જાણ કરી છે જો કે મોડી સાંજ સુધી કોઈ વાલી વારસ મળી આવ્યું ન હતું.

આજે સવારનાં અરસામાં લીંબડીયા કેનાલ સિકયુરીટી સુપરવાઈઝર પ્રવિણ ઠાકોર પેટ્રોલીંગમાં હતા ત્યારે કેનાલના પાણીમાંથી આશરે ૨ રથી ૨૫ વર્ષની વયની માતા તેના પાંચ થી સાત વર્ષની વયના બે સંતાનો સાથે મૃત હાલતમાં મળી આવ્યા હતાં. ડભોડા પોલીસને ત્રણ મૃતદેહ કેનાલમાંથી મળ્યાની જાણ કરાતા પીએસઆઈ પી.જે. સોલંકી તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા. કેનાલની પાળી ઉપરથી પાણીની એક બોટલ અને ચંપલ સિવાય મૃતકોની ઓળખ થાય તેવા કોઈ જ પુરાવા મળી આવ્યા ન હતાં. ત્રણેય મૃતદેહો પોસ્ટ મોર્ટમમાટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી ઓળખવિધિ માટે તજવીજ શરુ કરી છે. મૃતક માતાના જમણાં હાથે દિલ કોતરીને તેમાં અંગ્રેજીમાં 'R.D' ત્રોફાવેલું છે. પોલીસે ત્રણેય મૃતદેહોની ઓળખ માટે તપાસનો દોર શરુ કર્યો છે.

## પત્નિને આપઘાત કરવા પ્રેરીત કરનાર બીએસએફ આસી. કમાન્ડન્ટને ૧૦ વર્ષની કેદ

### દહેજની માંગણી કરી ત્રાસ આપતા પત્નિએ ગળે ફાંસો ખાધો હતો : ૧૦ વર્ષની સખત કેદ અને ૩૫ હજારના દંડની સજા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર લેકાવાડા ખાતે સ્થિત બીએસએફમાં ટ્રેનીંગ માટે આવેલા આસી. કમાન્ડન્ટની પીએસઆઈ પત્નિએ તેમના ત્રાસ અને દહેજની માંગણીથી ત્રાસીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ પ્રકરણમાં સાસુ, પતિ અને નણંદ સામે આપઘાતના દુષ્પ્રેરણ બદલ ગુનો દાખલ થયો હતો. પતિ આસી. કમાન્ડન્ટને ગાંધીનગર કોર્ટે ૧૦ વર્ષની સખત કેદ અનેરૂ. ૩૫ હજાર દંડની સજા ફટકારી છે.

બે વર્ષ પહેલા બીએસએફ ખાતે આસી. કમાન્ડન્ટ સુનિલ પ્રતાપસિંહ મુડની પીએસઆઈ પત્નિ પ્રીતિકુમારીએ દહેજ અને શારીરિક-માનસિક ત્રાસથી કંટાળીને ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ પ્રકરણમાં ચિલોડા પોલીસ સ્ટેશનમાં પતિ સુનિલ મુડ, સાસુ વીમળાદેવી મુડ અને નણંદ અનિતા ભવરીયા સામે ગુનો દાખલ થયો હતો. ઓફિસર મેસમાં રૂમમાં પંખે દુપટ્ટો બાંધી આપઘાત કરી લેનાર પ્રિતીકુમારીની પાસે દહેજની માંગણી કરી ત્રાસ અપાતો હોવાથી કંટાળીને આ પગલુ ભર્યું હોવાનું અને પતિએ આપઘાત કરવા મજબુર કરી હોવાનું સાબિત થતા ગાંધીનગર કોર્ટે સરકારી વકીલ સુનિલ પંડ્યાની દલીલો સાંભળ્યા બાદ ૧૦ વર્ષની સખત કેદ અને રૂ. ૩૫ હજારના દંડની સજા ફટકારી છે.

# જૂન માસ આરોગ્ય માસ તરીકે ઉજવાશે

## મેલેરિયા વિરોધી માસની ઉજવણી સાથે કુપોષણમુક્તિ સહિતના પાંચ મહત્વના અભિયાન આરંભાશે

ગાંધીનગર, તા. ૩૧

જૂન માસ આરોગ્ય માસ તરીકે ઉજવવામાં આવશે. ૧લી જૂનથી મેલેરિયા વિરોધી માસની ઉજવણી સાથે આરોગ્ય વિભાગ દ્વારા પાંચ મહત્વના આરોગ્ય વિષયક કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે.

આરોગ્ય તંત્ર દ્વારા કપાયેલા હોઠ, કપાયેલ તાળવા, ડાયાબીટીસ, ઓરલ હેલ્થ બ્રેસ્ટ કેન્સર અને સર્વાઈકલ કેન્સરના દર્દીઓ શોધવા ઉપરાંત કુપોષિત બાળકો શોધવાનું રાજ્યવ્યાપી અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે.

ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અન્વયે કુપોષિત બાળકો શોધવા અને તેમણે કુપોષણમાંથી મુક્તિ માટેનું અભિયાન આરોગ્ય વિભાગને તબદીલ કરાયા બાદ તે હવે વિધિવત્ રીતે હાથ ધરવામાં આવી રહ્યું છે.

આંગણવાડીના ભુલકાઓનું આ માટે વિશેષ પરીક્ષણ કરવામાં આવનાર છે. આ ઉપરાંત કેન્સર જેવા જીવલેણ રોગને લઈ ખાસ કરીને મહિલાઓમાં થતા બ્રેસ્ટ કેન્સર અને સર્વાઈકલ કેન્સરના દર્દીઓને પણ શોધી કાઢવાનું અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે.

ઓરલ હેલ્થ અને ડાયાબીટીસની પણ તંત્ર દ્વારા સ્થળ પર જ તપાસ કરવામાં આવશે.

આરોગ્ય તંત્ર દ્વારા દર વર્ષે જૂન માસને મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે. જેમાં વાહક જન્ય રોગચાળા સામે અટકાયતી પગલાં શું લેવા તે અંગેની લોક-જાગૃતિનું અભિયાન આખા માસ દરમ્યાન ચાલતુ હોય છે.

આરોગ્ય તંત્ર દ્વારા પહેલીવાર 'મિશન બલમ્ સુખમ' અંતર્ગત આખુ વિશેષ અભિયાન જૂન માસમાં હાથ ધરવાનો નિર્ણય લેવાતા હવે આરોગ્યતંત્રના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ સતત સર્વેલન્સ અને સારવારમાં વ્યસ્ત દેખાશે.

જૂન માસમાં આરોગ્ય વિષયક આવડુ મોટુ અભિયાન પહેલીવાર હાથ ધરવામાં આવતુ હોવાથી તંત્ર દ્વારા પણ તેની તડામાર તૈયારીઓ અને બેઠકોનો દોર છેલ્લા પખવાડિયાથી ચાલી રહ્યો છે.

## સાંસદ પરેશ રાવલે દત્તક જાખોરા ગામમાં ૯૧.૪૦ લાખ ફાળવ્યા

ગાંધીનગર, તા.૩૧

અમદાવાદ પૂર્વના સાંસદ પરેશ રાવલે ગાંધીનગર જિલ્લાના જાખોરા ગામને દત્તક લીધું છે. સાંસદ રાવલે જાખોરા ગામને આદર્શ ગામ બનાવવા માટે ૯૧.૫૦ લાખની ફાળવણી કરી છે.

ગાંધીનગર જિલ્લાના જાખોરા ગામમાં વિશેષ સુવિધાઓ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. અમદાવાદ પૂર્વના સાંસદ અને અભિનેતા પરેશ રાવલ દ્વારા જાખોરા ગામને દત્તક લેવામાં આવ્યું છે. સાંસદ રાવલે ગામની મુલાકાત લઈને ગામને આદર્શ બનાવવા માટે કાર્ય આરંભી દીધું છે.

એક આદર્શ ગામમાં ખૂટતી સુવિધાઓ પુરી પાડવા માટે સાંસદ ગ્રાન્ટમાંથી રૂપિયા ૯૧.૫૦ લાખ ફાળવ્યા છે.જાખોરા ગામમાં ગ્રાન્ટમાંથી ગામને રાત્રિ દરમિયાન અંધકાર મુકત રાખવા સ્ટ્રીટ લાઈટના ૨૦ થાંભલા, રાજપુર ગામમાં ૪૦ હજાર લીટર પાણીની ટાંકી, જાખોરા-રાજપુર ગામના રહીશોને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે આર.ઓ. સિસ્ટમ નાંખવામાં આવશે.

રાજપુર ગામમાં સ્મશાન સુધી આર.સી.સી. રોડ, પાણીના બોર ફરતે દિવાલ, ઈન્દિરાનગર આંગણવાડી ફરતે પ્રોટેકશન વોલ અને રાજપુર ગામમાં બાળકોને રમવા માટે ક્રિડાંગણ બનાવવામાં આવશે.

ગુજરાત રાજય કર્મચારી મહામંડળના કન્વીનર ગિરીશ રાવલ સરકારી સેવામાંથી વય નિવૃત્ત થયા છે. ગિરીશ રાવલનું ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા પુષ્પગુચ્છ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરટીઓ મંડળના પ્રમુખ ધીરુભાઈ પટેલ, મહામંત્રી આર.કે. પરમાર, ચોથા વર્ગ કર્મચારી મંડળના સેક્રેટરી પ્રવિણભાઈ સોલંકી અને નિવૃત્ત બી.એસ. ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

# પુંધરા ગામ ખાતે પાણીની ટાંકીનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પંધુરા ગામ ખાતે આજરોજ જિલ્લા પંચાયત -મુખ શ્રીમતી હિનાબેન પટેલના હસ્તે રૂપિયા ૧૯ લાખ ૮૦ હજાર રૂપિયાના ખર્ચે નિર્માણ થયેલ પાણીની ટાંકી અને સંપનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. શ્રીમતી હિનાબેન પટેલે પંધુરા ગામની આંગણવાડી અને પી.એચ.સી સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. સુવિધાઓ અને સ્વચ્છતાનું પણ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.

આ -સંગે જિલ્લા પંચાયત -મુખ શ્રીમતી હિનાબેન પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકાર છેવાડાના ગામડામાં વસતો માનવી પણ -થમિક સુવિધાથી વંચિત ન રહે તે માટે કટિબધ્ધ છે. રાજયમાં ગતિશલી ગુજરાતના -ણેતા અને રાજયના -થમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના એક વર્ષના શાસનમાં મહિલા સશક્તિકરણના અનેક કામો કરવામાં આવ્યા છે. જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા ગરીબ ઘરની દીકરીઓને આગળ અભ્યાસ કરાવવા માટે દત્તક લેવાની અને દીકરીના માબાપને જિલ્લા પંચાયત દ્વારા આપવામાં આવતા એક હજાર રૂપિયાના બોન્ડની યોજનાની પણ વિશે માહિતી આપી હતી.

આ -સંગે શ્રીમતી હિનાબેન પટેલના હસ્તે પંધુરા ગામમાં રૂપિયા ૧૯ લાખથી વધુના ખર્ચે વાસ્મોની યોજના અંતર્ગત તૈયાર થયેલ ૫૦ હજાર લિટરની ક્ષમતા વાળી પાણીની ટાંકી, સંપ અને પાઈપ લાઈનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કલોલ -ંત અધિકારી શ્રી સી. એમ. પાડલિયાએ ઉપસ્થિત ગ્રામજનોને સરકારના પારદર્શક વહીવટની ઝાંખી કરાવતા મામલતદાર કચેરી સંલગ્ન હોય તો તેની રજૂઆત કરવા આમંત્રણ આપ્યું હતું. પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનો દ્વારા એક પણ -ની રજૂઆત કરવામાં આવી ન હતી. આ -સંગે માણસા તાલુકા પ ંચાયતના -મુખ શ્રી જાગૃતિબેન પટેલ, સદસ્ય શ્રી જયેશભાઈ પટેલ અને વિજયસિંહ, માણસા તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન શ્રી માઘવલાલ પટેલ, ગાંધીનગર યુવા ભાજપ મોરચાના -મુખ, રાકેશભાઈ પટેલ, માણસા તાલુકા ભાજપના -મુખ મગનભાઈ પટેલ, માણસા મામલતદાર શ્રી વી.પી. પટણી, વાસ્મોના કાર્યપાલક ઈજનેર શ્રી એન.પી.પટેલ, પંધુરા ગામના સરપંચ શ્રી અરવિંદભાઈ પટેલ સહિત ગ્રામજનો ઉપસ્થિત હતાં.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૨

### તાપમાન

મહત્તમ : ૪૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૨૦ ટકા

### મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જોબકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

### ચિરવિદાય

- સ્વ. કુશકીબેન અવજીજી ઠાકોર (ઉ.વ.૬૧) મુ. સઈદ, તા.જી.ગાંધીનગર
- સ્વ. હિરાબેન પ્રહલાદભાઈ પ્રજાપતિ (ઉ.વ.૫૮) મુ. પેથાપુર, ઉમીયાનગર સોસાયટી, તા.જી. ગાંધીનગર